# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

**website :** www.incgujarat.com • **E-mail :** gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૨૮-૧૧-૨૦૨૫**

જન આક્રોશ યાત્રા દિવસ 8

ગાંધીનગરથી મહુડી

---------

- **ભાજપના રાજમાં હપ્તાખોર પોલીસનું પ્રમોશન અને ઈમાનદાર પોલીસનું ડિમોશન થઈ રહ્યું છે, પોલીસ સ્ટેશન મુજબ પોસ્ટિંગના ભાવ બોલાય છે : શ્રી અમિત ચાવડા**
- **દાદાનું બુલડોઝર ગરીબોના ઘર પર ચાલે છે, હવે ગરીબોનું બુલડોઝર દાદાની સરકાર પર ચાલશે : શ્રી અમિત ચાવડા**
- **ભાજપના રાજમાં કન્ટેનરોમાં દારૂ આવે છે : ડૉ. તુષારભાઈ ચૌધરી**

જન આક્રોશ યાત્રાના આઠમા દિવસની શરૂઆત બાઈક રેલી સ્વરૂપે ગાંધીનગરના ચિલોડા વિસ્તારમાંથી કરવામાં આવી. ત્યારબાદ ગાંધીનગરના વિવિધ સેક્ટરો માંથી પસાર થતી યાત્રા પેથાપુર પહોંચી, જ્યાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું. તે પછી યાત્રા માણસા, ગ્રામ ભારતી, લોદરા માર્ગે મહુડી તરફ આગળ વધી. માર્ગમાં ઠેર-ઠેર સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં ઉમળકાભેર યાત્રાનું સ્વાગત કર્યું.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપના રાજમાં વિસ્તારની નદીઓમાં ગેરકાયદેસર ખનન થઈ રહ્યું છે, ગરીબ લોકોના ઘરો પર બુલડોઝર ચલાવવામાં આવી રહ્યા છે. ગાંધીનગર જેવા શહેરમાં ચોમાસામાં સેક્ટરોના રસ્તાઓ ધોવાઈ જાય છે, ભૂવાઓ પડે છે. નગરપાલિકા અને મહાનગરપાલિકાઓ ભ્રષ્ટાચારનું AP સેન્ટર બની ગઈ છે. યુવાઓને રોજગાર મળી રહ્યો નથી, જેથી લોકો કોઈપણ ભોગે વિદેશ જવા મજબૂર થઈ રહ્યા છે અને ત્યાંથી પણ હથકડીઓ પહેરાવીને ડિપોર્ટ કરવામાં આવે છે, છતાં સરકારના પેટનું પાણી હલતું નથી. સરકારે આ મુદ્દે ગંભીરતાપૂર્વક વિચારવાની જરૂર છે.

દિલ્લીના રિમોટ કંટ્રોલથી ચાલતી આ સરકારને માત્ર હપ્તાબાજીમાં જ રસ છે. આ સરકાર ઈમાનદાર ઓફિસરોને સાઈડ પોસ્ટિંગ આપે છે અને પોતાના લોકોની તિજોરી ભરે એવા બેઈમાન અધિકારીઓને મનગમતી પોસ્ટિંગ આપે છે. દારૂ–ડ્રગ્સના પૈસાથી પોતાની તિજોરી ભરતી આ સરકાર ગુજરાતના યુવાઓના ભવિષ્ય સાથે રમે છે.

ગુજરાતમાં ભાજપ ખેડૂતો સાથે અન્યાય કરે છે, સહાયના નામે પડીકું આપે છે, ફિક્સ પે, કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગના નામે શોષણ કરે છે. અને જો કોઈ લોકો હક્ક–અધિકાર માંગવા ગાંધીનગર આવે, તો એમને ધક્કા મારીને પકડી લઈ જાય છે, વિરોધ પણ કરવા દેતા નથી.

વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરીએ જણાવ્યું કે 1986–87–88માં દુષ્કાળ પડ્યો ત્યારે રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી અને સરકારે ટ્રેનના ટેન્કરોમાં પાણી ભરી રાજ્યના અલગ–અલગ વિસ્તારોમાં મોકલ્યું હતું. કોઈને તરસવાથી મરવા ન દીધા. જ્યારે આજે ભાજપના રાજમાં પણ કન્ટેનરો આવે છે, પરંતુ એમાં પાણી નહીં, દારૂ હોય છે. અમે આનો વિરોધ કર્યો તો અમારી યાત્રામાં તેમના માણસોને વિરોધ કરવા મોકલ્યા. હું એમને કહેવા માંગું છું કે જો હિંમત હોય તો દારૂ–ડ્રગ્સના અડ્ડાઓ બંધ કરાવો. જન આક્રોશ યાત્રા બમણા જોશ સાથે આખા રાજ્યમાં આગળ વધશે.

આ પ્રસંગે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા ડૉ. તુષારભાઈ ચૌધરી, રાજ્યસભાના પૂર્વ સાંસદ અમીબેન યાજ્ઞિક, રાષ્ટ્રીય સેવાદળ ચેરમેન શ્રી લાલજીભાઈ દેસાઈ, એઆઈસીસી સેક્રેટરી અને પૂર્વ ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઈ મકવાણા, શહેર પ્રમુખ શ્રી શક્તિભાઈ પટેલ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી અરવિંદસિંહ સોલંકી, શ્રી હિમાંશુભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ, શ્રી નિશિત વ્યાસ, શ્રી જગતભાઈ શુક્લ, SC વિભાગના ચેરમેન શ્રી હિતેન્દ્ર પીઠડીયા, વરિષ્ઠ આગેવાનો તથા મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિ નોંધાઈ હતી.

(હેમાંગ રાવલ)
મીડિયા કો-કન્વીનર અને પ્રવક્તા
9898233038